ક્રમાંક:રાપબો/D.El.Ed./દ્વિતીય વર્ષ/પરીણામ/૨૦૨૧/1838-1967

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે
સેકટર-૨૧, ગાંધીનગર
તા.૧૪/૧૦/૨૦૨૧

જાહેરનામું:

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સને ૨૦૨૦-૨૧ ના વર્ષ દરમિયાન D.El.Ed. અભ્યાસક્રમની પરીક્ષા અંગેનું જાહેરનામું ક્રમાંક:રાપબો/D.El.Ed./૨૦૨૦-૨૧/૩૧૨-૪૪૧, તારીખ:૦૧/૦૩/૨૦૨૧ થી બહાર પાડવમાં આવેલ હતું.

પરંતુ સમગ્ર દેશમાં કોરના વાયરસ કોવિડ-૧૯ ને કારણે સર્જાયેલી મહામારી પરીસ્થિતિને કારણે તા:૦૧/૦૩/૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામા આવેલ જાહેરનામાં અનુસાર વાર્ષિક લેખિત પરીક્ષાનુ આયોજન થઈ શક્યું ન હતુ.

જેથી D.El.Ed. અભ્યાસક્રમની પરીક્ષાનું સુધારેલું જાહેરનામું તારીખ:૨૪/૦૬/૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. જેના અનુસંધાને D.El.Ed. - દ્વિતીય વર્ષની પરીક્ષા જુલાઈ - ૨૦૨૧ માં યોજવામાં આવેલ હતી.

જે મુજબ લેવાયેલ ડી.એલ.એડ. દ્વિતીય વર્ષ પરીક્ષાનું પરિણામ આજ રોજ તા:૧૪/૧૦/૨૦૨૧ એ નીચે મુજબની વિગતે જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | દ્વિતીય વર્ષ નિયમિત | દ્વિતીય વર્ષ પુનરાવર્તિત | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | નોંધાયેલ તાલીમાર્થી | 2896 | 90 | 2986 |
| ૨ | હાજર તાલીમાર્થી | 2888 | 80 | 2968 |
| 3 | ગેરહાજર તાલીમાર્થી | 8 | 10 | 18 |
| ૪ | પાસ થયેલ તાલીમાર્થી | 2401 | 30 | 2431 |
| ૫ | ગ્રેસિંગ સાથે પાસ | 328 | 0 | 328 |
| ૬ | કુલ પાસ | 2729 | 30 | 2759 |
| ૭ | નાપાસ થયેલા તાલીમાર્થી | 155 | 50 | 205 |
| ૮ | પેન્ડીંગ | 0 | 0 | 0 |
| ૯ | પરિણામની ટકાવારી | 94.49 | 37.50 | 92.96 |

ડી.એલ.એડ. - દ્વિતીય વર્ષ પરીક્ષાના પરીણામ અન્વયે ગુણ ચકાસણી કરાવવા ઈચ્છતા ઉમેદવારોએ નીચેની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

1. આ સાથે સામેલ નિયત પત્રકમાં ગુણ ચકાસણીની અરજી કરવાની રહેશે.
2. ગુણ ચકાસણી ફી વિષય દીઠ રૂ. ૧૦૦ (અંકે રૂપિયા એકસો પુરા) ગુણ ચકાસણીના પત્રકમાં આપવામાં આવેલ રાજ્ય પરીક્ષા બોર્ડની બેંકની વિગતે RTGS થી ભરવાની રહેશે.
3. તા:૨૫/૧૦/૨૦૨૧ સુધીમાં ઉમેદવારે ભરવામાં આવેલ ગુણ ચકાસણીનું પત્રક અને RTGS થી ભરવામાં આવેલ ફીની રિસિપ્ટ સ્કેન કરી રાજ્ય પરીક્ષા બોર્ડના ઈ-મેઈલ એડ્રેસ gseb21@gmail.com પર મોકલી આપવાની રહેશે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,

- આચાર્યશ્રી, ડી.એલ.એડ. કોલેજો (સંબધિત)

નકલ સવિનય રવાના જાણ સારૂ:

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી શિક્ષણ વિભાગ ગાંધીનગર